## હેલિપોર્ટ વિકસાવવાનું આયોજન

***15/4/1388 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી** (માણાવદર) **:** પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૬/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૨૦૨૦(અગ્રતા–૪૯)ના અનુસંધાને **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં હાંસોલ, જિ.અમદાવાદ, ગુંજા, જિ.મહેસાણા, સોમનાથ, દ્વારકા, અંબાજી, ગીર અને સાપુતારા ખાતે હેલિપોર્ટ વિકસાવવાનું આયોજન હેઠળ હતું તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા સ્થળોએ હેલીપોર્ટ કાર્યરત કરવામાં આવેલ છે, | (૧) અને (૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત તમામ સ્થળોએ હેલિપોર્ટ વિકસાવવાની કામગીરી માટે જમીન મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ હોવાથી હેલીપોર્ટ કાર્યરત કરવાના બાકી છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ કયા સ્થળોએ હેલીપોર્ટ કાર્યરત કરવાના બાકી છે, અને | | |
| (૩) | ઉક્ત બાકી સ્થળોએ ક્યાં સુધીમાં હેલીપોર્ટ કાર્યરત કરવામાં આવનાર છે? | (૩) | ઉક્ત સ્થળોએ જમીન મેળવવાની કામગીરી પૂર્ણ થયેથી હેલીપોર્ટ વિકસાવવા નિયમાનુસારની આગળની કાર્યવાહી કરવામાં આવશે. |

-----------------------------